# મહાનગરના મેયરપદનું મહામંથન

## શુક્રવારે સસ્પેન્શ ખુલશે..! તોડફોડથી સત્તા મળશે કે ચીઠ્ઠીથી..?

પાટનગરની પ્રજા અસ્પષ્ટ જનાદેશ આપી કોંગ્રેસ અને ભાજપ બન્નેની અગ્નિ પરીક્ષા લઈ રહી છે. મનપાની ૩૨ બેઠકોમાં બન્ને પક્ષોને ૧૬-૧૬ બેઠકો ઉપર વિજયી બનાવી બન્નેને માપવાનું જનાદેશમાં સ્પષ્ટ વંચાય છે. અત્યારે તો બન્ને પક્ષોના કોર્પોરેટરોને સમુહમાં અજ્ઞાતવાસમાં લઈ જવાયા છે. કોંગ્રેસ તેના કોર્પોરેટરોને રાજસ્થાન ફરવા લઈ ગઈ છે. તો ભાજપ અંબાજી-આબુ તરફ પ્રવાસ યોજ્યો છે. શુક્રવારે સવારે ૧૧.૦૦ વાગે મહાનગર પાલિકાની સામાન્ય સભામાં મેયર અને ડેપ્યુટી મેયરની વરણી થશે. જો તોડફોડ ન થાય તો ચીઠ્ઠી ઉછાળવાનો ઐતિહાસિક પ્રસંગ ઉભો થઈ શકે છે. બન્ને પક્ષે તોડફોડનો ભય છે. બન્ને પક્ષોમાં સાવધાની સતત રખાય છે. પરંતુ ચર્ચાતી વાતોમાં કોંગ્રેસ પક્ષમાં ભય થોડોક વધારે છે. આમ છતાં જો બન્ને પક્ષો અકબંધ રહે અને અકબંધ રાખી શકાય તો બન્ને પક્ષનો વિજય કહેવાય. નિયમ પ્રમાણે ૬ઠ્ઠી મે શુક્રવારના રોજ સવારે ૧૧.૦૦ વાગે સૌ પ્રથમ મેયરની ચૂંટણી હાથ ધરાશે. જેમાં બન્ને પક્ષ તરફથી મેયર પદ માટે નામની દરખાસ્ત રજુ કરાશે. જો બન્ને પક્ષે સરખા-સરખા મત પડશે તો ચીઠ્ઠી નાખીને મેયરનું નામ નિશ્ચિત કરાશે અને મેયરની વરણી બાદ મેયરના કાસ્ટીંગ વોટના આધારે ડેપ્યુટી મેયર પણ એજ પક્ષના વિજયી બની શકે પરંતુ આ બધુ જ તોડફોડ ના થાય તો જ આ પ્રક્રિયા હાથ ધરાય નહિ તો કોઈ એક પક્ષે ૧ સભ્ય પણ ગેરહાજર રહે, રખાય કે અપહરણ થાય તો પણ ૧૭ વિરૂદ્ધ ૧૫ મતે મેયરની વરણી થઈ શકે. ત્યાર બાદની કાર્યવાહી પક્ષ અને કોર્ટની હદમાં આવી જાય. આ જ ગાંધીનગરમાં બન્ને પક્ષો અને કોર્પોરેટરોની અગ્નિ પરીક્ષા છે. જોઈએ કોણ અગ્નિપરીક્ષામાં પ્રારબ્ધથી જીતે છે કે પદ પૈસાથી જીતે છે. સમય જ નક્કી કરશે...!

કોંગ્રેસ અને ભાજપમાં ૬ઠ્ઠીએ દરખાસ્ત મુકવા માટેના નામોની ચર્ચા જોરશોરથી ચાલે છે. બિન અનામત વર્ગમાંથી પુરૂષ ઉમેદવાર અઢી વર્ષ માટે મેયર બનવાની જોગવાઈ છે. બન્ને પક્ષોમાં કુલ ૧૦ બેઠકો પર સામાન્ય પુરૂષ વિજયી બન્યા છે. જેમાં ભાજપમાંથી ૪ અને કોંગ્રેસમાં ૬. બન્ને પક્ષોમાં ત્રણ-ચાર ત્રણ-ચાર નામો મેયર પદ માટે ચર્ચાય છે. ભાજપ પક્ષે શહેર ભાજપના પૂર્વ પ્રમુખ નીતિનભાઈ પટેલ, પૂર્વ ડેપ્યુટી મેયર કાર્તિકભાઈ પટેલ, પૂર્વ વિપક્ષના નેતા મનુભાઈ પટેલ અને ક્ષત્રિય સમાજનું પ્રતિનિધિત્વ કરતા દેવેન્દ્રભાઈ ચાવડા (જીગાબાપુ)ના નામો જોરશોરથી ચર્ચામાં છે. તો કોંગ્રેસમાં પણ ત્રણ-ચાર નામો મેયર પદ માટે ચર્ચાય છે. જેમાં સ્ટેન્ડિંગ કમિટીના પૂર્વ ચેરમેન શ્રી પ્રવિણભાઈ પટેલ (ક્વોલીટી), પૂર્વ વિપક્ષના નેતા શ્રી શૈલેન્દ્રસિંહ બિહોલા, વરિષ્ઠ કોર્પોરેટરો શ્રી હસમુખભાઈ મકવાણા અને શ્રી જીતુભાઈ રાયકાના નામો ચર્ચામાં ગાજે છે. પક્ષ કોના નામનો મેન્ડેટ આપશે તે ૬ઠ્ઠી તારીખે સવારે ૧૦.૦૦ વાગે જ ખબર પડશે, પરંતુ અત્યારે તો શહેરીજનો અને રાજકીય વર્તુળોમાં ભારે ઉત્તેજના પ્રવર્તે છે કે કોનુ ભાગ્યુ ૬ઠ્ઠીએ જોર કરશે.

સાથોસાથ ડેપ્યુટી મેયરની વરણી પણ યોજાવાની છે. મેયરની વરણી જે પક્ષમાંથી થશે તેજ પક્ષમાંથી ડેપ્યુટી મેયર બનશે એ સીધુ સાદુ સત્ય ગણાય છે. અત્યારે ડેપ્યુટી મેયર માટે ભાજપ વર્તુળમાંથી ત્રણેક નામોની ચર્ચા ચાલે છે. પ્રવિણાબેન વોરા, પ્રવિણાબેન દરજી, કે નરેશભાઈ પરમારના નામ ગણાવાય છે. જ્યારે કોંગ્રેસ પક્ષમાં પિન્કીબેન પટેલ, જીતુભાઈ રાયકા અને મીનાબેન વાઘેલાના નામો ચર્ચામાં છે. સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેનની વરણીમાં તો આ બન્ને પદોમાંથી બાકી રહેતા કોર્પોરેટરોને ચેરમેન પદ આપવાની યોજના બન્ને પક્ષોમાં ઘડાઈ રહી છે.

બન્ને પક્ષોના કોર્પોરેટરોની યાત્રા હજી ગુરૂવારે સાંજ સુધી ચાલશે. કોની યાત્રા કેટલી ફળશે એ તો શુક્રવારની સવાર જ કહેશે. શહેરમાં ચોરે ચૌટે એક જ ચર્ચા ચાલે છે. તોડફોડથી કે ચીઠ્ઠીથી મેયર બનશે..? ભારે ઉત્તેજનાત્મક વાતાવરણ સર્જાયું છે. આગામી ૨૪ કલાક બન્ને પક્ષો સાવધાનીપૂર્વક રાજકીય દાવ ખેલશે.












## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




સરકાર પણ ખર્ચો કરે અને ગેસ ન નીકળે તો વિરોધ પક્ષ લોહી પી જાય છે... એ જોઇ હું આ મોંઘા ભાવની કેરી લેવાનું સાહસ ન કરું !! રસ ન નીકળે તો મારી સાસુ લોહી પી જાય...!!

## સેક્ટર-૭ સરકારી આયુર્વેદિક દવાખાનામાં વંધ્યત્વ નિવારણ માટે ખાસ ઓપીડી

ગાંધીનગર, તા. ૪

સેક્ટર-૭ સરકારી આયુર્વેદ દવાખાનામાં વંધ્યત્વ નિવારણની ઓપીડી શરૂ કરવામાં આવશે. આયુર્વેદિક મેડીકલ ઓફીસર દ્વારા હાથ ધરાયેલા અભ્યાસના અંતે વંધ્યત્વના કેસોમાં સારૂ પરિણામ મળતુ હોવાનું પ્રકાશમાં આવતા જિલ્લા પંચાયત દ્વારા આ વિશેષ ઓપીડી સેવા શરૂ કરવાનું નિર્ણય લેવામાં આવ્યો છે. ચાલુ મહિનાથી દર ગુરૂવારે સવારે ૮.૩૦ થી ૧૨.૩૦ કલાક દરમિયાન વંધ્યત્વના કેસોના દર્દીઓને સારવાર આપવામાં આવશે.

જિલ્લા આયુર્વેદ અધિકારીના જણાવ્યા મુજબ સેક્ટર-૭ ખાતે ફરજ બજાવતા આયુર્વેદ મેડીકલ ઓફીસર ડૉ. મમતા દેસાઈને વંધ્યત્વના કેસોમાં ખુબ સારા પરિણામો મળ્યા છે. જ્યારે આ અંગે જિલ્લા વિકાસ અધિકારી તેમજ આયુર્વેદના નાયબ નિયામક સાથેની રીવ્યુ બેઠકમાં પણ ખાસ ઓપીડી સેવા શરૂ કરવા ચર્ચા હાથ ધરાઈ હતી. જેને ધ્યાને લઈ જિલ્લાના છેવાડાના માણસ સુધી વંધ્યત્વના નિવારણ માટે વિનામૂલ્યે આયુર્વેદ સારવારનો લાભ આપવા સેક્ટર-૭ સરકારી આયુર્વેદ દવાખાનામાં મે-૨૦૧૬ થી દર ગુરૂવારે ઓપીડી સેવા શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

## જિલ્લા પંચાયતમાં ૧૩ નાયબ ચીટનીસની જગ્યાઓ ભરી દેવાઈ

### ૧૦ સિનીયર ક્લાર્કને બઢતી આપી બદલી કરતા હૂકમો થયા

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં ૧૦ સિનીયર ક્લાર્કને નાયબ ચીટનીસ તરીકે બઢતી આપી નવી જગ્યાઓ પર નિમણુંક આપતા હુકમો કરાયા છે. જિલ્લાતંત્રએ બે નાયબ ચીટનીસની બદલીના હુકમો કર્યા છે તો એક નાયબ ચીટનીસની સીધી ભરતી કરી ૧૩ નાયબ ચીટનીસની જગ્યાઓ ભરી દીધી છે.

જે બે નાયબ ચીટનીસની બદલી કરવામાં આવી છે તેમાં પી.પી. શેઠ્ઠીની મહેકમ-૨ની બદલી મહેસુલ-૧માં અને સરજુ જેઠવાને ગ્રામ વિકાસમાંથી બદલી મહેસુલ-૨ના ટેબલ પર નિયુક્ત કરવામાં આવ્યા છે. જ્યારે મહેસુલ-૩ના ટેબલ પર સીધી ભરતીના સંજય ચૌહાણની નિમણુંક કરવામાં આવી છે.

| કર્મચારીનું નામ | હાલનું સ્થળ | બઢતીથી નિમણુંકનું સ્થળ |
|---|---|---|
| એસ. પી. શાહ | ના.કા.ઈ.શ્રી રોડ પ્રોજેક્ટ પેટા વિભાગ | મહેકમ-૧ ના.જિ.વિ.અ. શ્રીની કચેરી |
| આઈ.સી. ચૌહાણ | તાલુકા હેલ્થ કચેરી, ગાંધીનગર | વિ.અ. શ્રી પંચાયત, તા.પં. માણસા |
| એ.એમ. પરમાર | શિક્ષણ શાખા, જિ.પં. ગાંધીનગર | મ.તા.વિ.અ.શ્રી તા.પં. દહેગામ |
| એમ.સી. ચૌહાણ | શિક્ષણ શાખા, તા.પં. કલોલ | મહેકમ-૨ ના.જિ.વિ.અ. શ્રીની કચેરી |
| આઈ.આર. પટેલ | આઈ.આર.ડી.તા.પં. દહેગામ | જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, ગાંધીનગર |
| જી.બી. પંચાલ | આઈસીડીએસ શાખા, જિ.પં. ગાંધીનગર | આરોગ્ય શાખા, જિ.પં. ગાંધીનગર |
| જે.એસ. મિસ્ત્રી | આઈ.આર.ડી.તા.પં. કલોલ | પંચાયત-૧ ના.જિ.વિ.અ.શ્રીની કચેરી |
| એચ.એન. વ્યાસ | ખેતીવાડી શાખા, જિ.પં. ગાંધીનગર | ખેતીવાડા શાખા, જિ.પં. ગાંધીનગર |
| એચ.કે. ત્રિવેદી | આઈ.આર.ડી.તા.પં. માણસા | મ.તા.વિ.અ.શ્રી તા.પં. માણસા |
| આર.જી. ઉપાધ્યાય | આઈસીડીએસ ઘટક-૧, તા. પં. ગાંધીનગર | બાંધકામ શાખા, જિ.પં. ગાંધીનગર |

## દરેક રાજયોની ઓબીસી જ્ઞાતિને કેન્દ્ર સરકારના લાભ આપવા કોંગ્રેસની માંગ

ગુજરાત સહિત અન્ય રાજય સરકારોની ઓબીસી યાદીમાં સમાવિષ્ટ તમામ સમાજ અને વર્ગને ભારત સરકાર દ્વારા મળવાપાત્ર ઓબીસીના દરેક લાભ આપવાની માંગણી કરતા ગુજરાત રાજય બક્ષીપંચ સંઘર્ષ સમિતિના હરીભાઈ ચૌધરી જણાવે છે કે ગુજરાતની ભાજપ સરકાર દ્વારા રાજયની ૧૪૬ ઓબીસી જ્ઞાતિ પૈકી ૪૨ જ્ઞાતિને કેન્દ્ર સરકારના લાભ અપાવવા માટે કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી.

ગુજરાત રાજય બક્ષીપંચ સંઘર્ષ સમિતિના તેમજ કોંગ્રેસના અગ્રણી હરીભાઈ ચૌધરીએ અખબારી યાદીમાં જણાવ્યું છે કે ગુજરાતમાં રાજય સરકાર દ્વારા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (ઓબીસી)ની યાદીમાં કુલ ૧૪૬ જ્ઞાતિઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. પરંતુ તે પૈકી ૪૨ જેટલી જ્ઞાતિઓને ભારત સરકારની યાદીમાં સમાવિષ્ટ કરવામાં આવેલી નથી. આથી આ લાભ અપાવવા માટે કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. ૪૨ જ્ઞાતિઓને કેન્દ્ર સરકારના ઓબીસી જ્ઞાતિને મળતા કોઈ જ લાભ મળતા નથી. જેમાં સૌથી દુઃખદ બાબત એ છે કે ભારત સરકાર દ્વારા છેલ્લા ૨૦ વર્ષથી રાજયની આ ૪૨ જ્ઞાતિઓને કેન્દ્ર સરકારના મળવાપાત્ર લાભ અપાવવા કોઈ જ કાર્યવાહી કરવામાં આવી નથી. શ્રી હરીભાઈ ચૌધરી વધુમાં જણાવે છે કે ગુજરાત સહિત અન્ય તમામ રાજયોમાં રાજય સરકારની અલગ અલગ ઓબીસી યાદી છે.

## કેનાલમાંથી પાણીની થતી ચોરી કોઈપણ સંજોગોમાં ચલાવી નહી લેવાય : રૂપાણી

ગાંધીનગર, તા. ૪

રાજયમાં ક્યાંય પણ જળાશયો કે કેનાલમાંથી પાણીની ચોરી થવા દેવામાં આવશે નહી અને પાણી ચોરી કરનાર સામે પગલા ભરાશે એમ આજે રાજ્યના પાણી પુરવઠા મંત્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું.

રાજ્યના પાણી પુરવઠા મંત્રી વિજયભાઈ રૂપાણીએ પત્રકારોને પીવાના પાણીની કેનાલમાંથી ચોરી અંગે જણાવ્યું હતું કે પાણીની ચોરી કરવામાં આવે તે કોઈ પણ સંજોગોમાં ચલાવી લેવામાં નહીં આવે.

કેનાલમાંથી પાણીની ચોરી ન થાય તે માટે તકેદારી રાખવામાં આવશે અને પાણી ચોરી કરનારા સામે પગલા ભરવામાં આવશે તેમ તેમણે જણાવ્યું હતું.

તેમણે જણાવ્યું હતું કે રાજ્યમાં ક્યાંય પણ પીવાના પાણીની જરૂરીયાત ઉભી થશે તો ત્યાં પાણી પહોંચાડવામાં આળશે ક્યાંય પણ પાણીની તકલીફ પડવા દેવામાં નહી આવે.

કચ્છ જિલ્લામાં પીવાનું પાણી નહી મળવાને કારણે બે વ્યક્તિના મોત નીપજવાની બનેલી ઘટના અંગે તેમણે જણાવ્યું હતુ કે આ ઘટના અંગે જિલ્લા વહીવટીતંત્ર પાસેથી અહેવાલ મંગાવવામાં આવ્યો છે. અહેવાલ આવ્યા બાદ યોગ્ય કાર્યવાહી કરાશે.

## ગુજકેટની પરીક્ષા માટે હોલ ટીકીટ આપવા માધ્યમિક શિક્ષણ બોર્ડને સૂચના અપાઈ

ગાંધીનગર, તા. ૪

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડને ગુજકેટની પરીક્ષા માટે હોલ ટીકીટ વિદ્યાર્થીઓને આપવા માટેની શિક્ષણ મંત્રીએ સૂચના આપી છે.

નીટની પરીક્ષાના બદલે ગુજકેટની જ પરીક્ષા લેવા માટે આજે ગુજરાતના વિદ્યાર્થીઓના વાલીઓ રાજ્યના આરોગ્ય મંત્રી નીતિનભાઈ પટેલ અને શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાને મળ્યા હતા.

આ બેઠકની વિગતો આપતા રાજ્યના શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું કે વાલીઓએ સરકાર સમક્ષ રજુઆત કરતાં ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડના સચિવને ગુજકેટની પરીક્ષા માટે હોલ ટીકીટ આપવા માટેની સૂચના આપવામાં આવી છે.

પત્રકારોએ પુછેલા એક પ્રશ્નના ઉત્તરમાં શિક્ષણ મંત્રીએ જણાવ્યું હતું કે આવતીકાલે સુપ્રિમમાં નીટના મામલે સુનવણી છે. આ સુનવણી બાદ ગુજકેટની પરીક્ષા અંગે નિર્ણય લેવાશે જો કે ૧૦મીની તારીખ ગુજકેટ પરીક્ષા માટે નક્કી કરાયેલી છે.

## ખૂણે ખાંચરેથી...

- સચિવાલય સહકારી ઉપાહાર ગૃહના બોર્ડ ઓફ ડિરેક્ટર્સની ચૂંટણી જાહેર કરાઈ છે. ૧૮મી મે ના રોજ ચૂંટણી યોજાશે.
- સરગાસણ વિસ્તારમાં વારંવાર માર્ગો બંધ કરવામાં આવતા હોવાથી લોકો પરેશાન થઈ રહ્યા છે.
- ન્યુ ગાંધીનગર વિસ્તારમાં એક અલાયદુ શાકમાર્કેટ વિકસાવવામાં આવે તેવી લોકજીભે ચર્ચાઓ ચાલી રહી છે.
- આજે શહેરી વિકાસ વિભાગ દ્વારા યોજાયેલી ચેક વિતરણ સમારોહમાં "હું ગુજરાત છુ" નામની ટુંકી ફિલ્મ દર્શાવાઈ હતી.
- ચેક વિતરણ સમારોહમાં આવેલા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાના પ્રતિનિધિઓને છાશ પણ અપાઈ હતી.
- આજે વિકાસ કમિશ્નર દ્વારા વિડયો કોન્ફરન્સ જિલ્લા વિકાસ અધિકારીઓની રાખવામાં આવી છે.
- ગાંધીનગર જિલ્લા પંચાયતના બીજા મજલે આજે લાઈટો ચાલુ-બંધ ચાલુ-બંધ થતી રહેતી હોવાથી કર્મચારીઓ ત્રાહિમામ પોકારી ગયા હતા.
- ઈલેક્ટ્રોનિક મિડિયાના સિનીયર પત્રકાર અરૂણ શાહના માતુશ્રીનું દુઃખદ અવસાન થયું છે. સ્વર્ગસ્થનું બેસણું અમદાવાદના તેમના નિવાસસ્થાને રાખવામાં આવ્યું છે.

# પુત્ર સમોવડી સંસ્કારી દિકરીઓએ પિતાના અગ્નિ સંસ્કાર કર્યા

ગાંધીનગર, તા. ૪

સદીઓ પહેલા ગોઠવાયેલી વર્ણ વ્યવસ્થા મુજબ બ્રાહ્મણો હરહંમેશ અન્ય સમાજના માર્ગદર્શન રહ્યા છે. આ બ્રાહ્મણ સમાજે પણ પહેલ કરી



દિકરી-દિકરા એકસમાનને આદર્શ ગણાવ્યુ છે અને દિકરીઓ પણ દિકરા સમોવડી બની શકતી હોવાના પૂરાવા આપ્યા છે તે મુજબ અમદાવાદમાં રહેતા બ્રહ્મમોભીને સંતાનમાં ત્રણ દિકરીઓ હતી જેઓને ભણાવી, ગણાવી, સાસરે વળાવી દીધા પછી એકલવાયુ જીવન આઘરૂ બન્યુ હોય તેમ હૃદયરોગના હુમલાએ જીવન લીલા સંકેલાઈ ગઈ હતી. તાબડતોબ દોડી આવેલી દિકરીઓએ ધાર્મિક વિધિ મુજબ પિતાની નનામીને કાંધ આપી અગ્નિ સંસ્કાર કરી પોતાના જન્મદાતા પ્રત્યેની ફરજ અદા કરી હતી. બ્રહ્મસમાજમાં બનેલી આ ઘટના એ અન્ય સમાજ માટે પ્રેરણા પુરી પાડી છે.

### પુત્રીઓને ભણાવી, ગણાવી, સાસરે વળાવી પિતાએ જીવનલીલા સંકેલી લીધી, ૧૨ વર્ષ અગાઉ પત્નીનું અવસાન થતા એકલવાયુ જીવન અઘરૂ બન્યું હતુ, હૃદયરોગના હુમલામાં મૃત્યુ પામેલા પિતાને ત્રણેય પુત્રીઓએ કાંધ આપી

પુત્રની ઝંખના સેવતા મા-બાપ માટે આત્મ સંતોષ થાય તેવો કિસ્સો અમદાવાદમાં બન્યો છે. તલોદ નજીકના હરસોલ ગામના વતની એવા હરેન્દ્રકુમાર હીરાલાલ ઉપાધ્યાય (ઉં.વ. ૬૮)ને સંતાનમાં ત્રણ દિકરીઓ છે. જેમાં ભાવિકા, ભ્રાંતિ, ફોરમ ત્રણે દિકરીઓને ઉચ્ચ શિક્ષણ પુરૂ પાડ્યું છે. પોતે યુનિયન બેંકમાં નોકરી કરી નિવૃત્તિ સમય વિતાવતા હતા. દરમ્યાન ૧૨ વર્ષ અગાઉ પત્ની કોકીલાબેનું અવસાન થતાં અર્ધાંગીની ગુમાવ્યાનો આઘાત લાગ્યો હતો. ત્રણેય દીકરીઓ પૈકી પ્રથમ બે દિકરીઓને સાસરી વળાવી દીધી હતી અને સૌથી નાની ફોરમ પિતાનું ધ્યાન રાખતી હતી પરંતુ પિતા પણ પોતાની જવાબદારી પુર્ણ કરવા કટિબદ્ધ હતા જેમાં ફોરમને ત્રણ માસ અગાઉ જ લગ્ન કરી વળાવી દીધી હતી. પત્ની વગરનું એકલવાયુ જીવન અને પોતાની સંતાનો અને સમાજ પ્રત્યેની જવાબદારી પુર્ણ થઈ હોય તેમ અચાનક ટીવી જોતા જોતા હૃદયરોગના હુમલામાં તેમને જીવનલીલા સંકેલી લીધી હતી.

પિતાના અવસાન સમાચારે તાબડતોબ દોડી આવેલી દિકરીઓએ ભારે કલ્પાંત કરી મુકતા હૃદયદ્રાવક દશ્યો સર્જાયા હતા. સંસ્કારી દિકરીઓ સ્વસ્થતા પ્રાપ્ત કરી પિતાના અગ્ની સંસ્કારની તૈયારીઓ કરી નનામીને કાંધ આપી અંતિમધામ પહોંચીને પિતાના દેહને અગ્નિદાહ આપ્યો હતો. અમદાવાદના વેજલપુરમાં ઠરીઠામ થયેલા હરેન્દ્રકુમારની અંતિમ યાત્રામાં મોટી સંખ્યામાં જોડાયેલા લોકોએ પણ બ્રહ્મસમાજની આ પહેલને



આવકારીને અન્ય સમાજ માટે પ્રેરણારૂપ ગણાવી હતી. પિતાના નશ્વરદેહની અંતિમ વિધિ પોતાના હસ્તે કરી દિકરીઓએ ફરજ પુર્ણ કર્યાનો સંતોષ વ્યક્ત કર્યો હતો.